## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

### સંશોધન સમિતિની તેરમી બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની સંશોધન સમિતિની તેરમી બેઠક કરવા અંગે માન.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશાનુસાર આ કમિટિની એક બેઠકનું આયોજન તા.૦૨/૦૫/૨૦૨૨નાં રોજ ૦૪:૧૫ કલાકે માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં નીચેનાં સભ્યશ્રીઓની હાજરીમાં સુધર્મા હોલમાં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

(૧) ડો.લલિતકુમાર પટેલ,માન.કુલપતિશ્રી

(૨) પ્રિ.ડો.એન.એલ.પંડયા

(૩) ડો.પંકજ રાવલ

(૪) ડો.બી.ઉમા મહેશ્વરી

(૫) ડો.કાર્તિક પંડયા, સંશોધન અધિકારીશ્રી

(૬) ડો.શત્રુઘ્ન પાણિગ્રાહી,અન્ય યુનિ.માં જતા અનુપસ્થિત

બેઠકની શરૂઆતમાં સંશોધન અધિકારીશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ અને ત્યારબાદ માન.કુલપતિશ્રીની સહમતી મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતા. એજન્ડા મુજબ દરેક વિષય પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય કરવામાં આવેલ છે.

(૧) પીએચ.ડી.માર્ગદર્શક તરીકેની બે તકકામાં આવેલ કુલ ૬ અધ્યાપકશ્રીઓની અરજી અંગે નિર્ણય કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી અને આવેલ અરજીઓની ચકાસણી કરવામાં આવી જે અંગેનો રિપોર્ટ નીચે મુજબ છે.

| ક્રમ | નામ | માન્ય/અમાન્ય | કારણ |
|---|---|---|---|
| ૦૧ | ડો.હરિશભાઈ કે. ભટ્ટ | માન્ય | – |
| ૦૨ | ડો.ગૌરીશંકરભાઈ એમ.જોષી | અમાન્ય | પૂર્તતા પ.૧(ડી) મુજબ |
| ૦૩ | ડો.વિપુલભાઈ જાદવ | અમાન્ય | પૂર્તતા પ.૧(એ) , પ.૧(ઈ) મુજબ |
| ૦૪ | ડો.જીગરભાઈ ભટ્ટ | અમાન્ય | પૂર્તતા પ.૧(ઈ) મુજબ |
| ૦૫ | ડો.કિરણભાઈ ડામોર | માન્ય | – |
| ૦૬ | ડો.કુલદિપભાઈ પુરોહિત | માન્ય | – |

ઉપરોક્ત વિગતે કુલ આવેલ છ અરજીઓ માંથી ત્રણ અરજીઓ માન્ય રહેલ છે. જયારે ત્રણ અરજીઓમાં પૂર્તતા હોય તેઓ પાસેથી પૂર્તતા મંગાવવાની થાય છે. માન્ય રહેલ ત્રણ અરજીઓની બહાલી આગામી એ.સી./ઈ.સી.ની બેઠકમાં મેળવી તેઓને માન્યતા આપવા અંગે આગળની કાર્યવાહી કરવી તેમ નકકી કરવામાં આવ્યું. જયારે જે ત્રણ અરજીઓમાં પૂર્તતા છે તે પૂર્ણ થયેથી આગામી સંશોધન સમિતિની બેઠકમાં આ પૂર્તતા રજૂ કરી આગળની કાર્યવાહી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

(૨) યુનિવર્સિટીમાં એક વિદ્યાર્થીની પોસ્ટ ડોકટરલ ફેલોશીપ અંતર્ગત (PDF) અભ્યાસ કરવા માટે આવેલ અરજી અંગે આ અભ્યાસક્રમ અત્રેની યુનિવર્સિટીમાં કરાવવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી અને નકકી કરવામાં આવ્યું કે જો કોઈ વિદ્યાર્થીની આવી રીતે અરજી આવે તો આવા વિદ્યાર્થીનાં વિષયનાં માર્ગદર્શક અત્રેની યુનિવર્સિટીમાં હોય તો આવા વિદ્યાર્થીને પોસ્ટ ડોકટરલ ફેલોશીપનો (PDF) અભ્યાસક્રમ કરાવવો તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. તેમજ આ અંગેનાં નિયમો તૈયાર કરી આગામી બેઠકમાં આ નિયમો મંજૂર કરાવવા તેમ સમિતિએ ભલામણ કરેલ છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(૩) યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટીમાં કાર્યરત અધ્યાપકશ્રીઓને સીડ ગ્રાન્ટ ફાળવવાનાં બનાવેલા નિયમો અંતર્ગત આવેલ એક અધ્યાપકશ્રી ડો.જીગર ભટ્ટની અરજીને સમિતિએ ચકાસણી કરી માન્ય કરેલ છે અને રૂા.૮૫,૦૦૦/–સીડ ગ્રાન્ટ ફાળવેલ છે. તેમજ આ અંગે વધુ અધ્યાપકશ્રીઓ સંશોધન કરે તે માટે ફરી એક વખત તમામ અધ્યાપકશ્રીઓને આ અંગેની સ્મૃતિ પત્ર દ્વારા જાણ કરી આગામી ૩૦ જૂન સુધીમાં ફરી અરજીઓ મંગાવવાનું નકકી કરવામાં આવેલ છે આમ સીડ ગ્રાન્ટ બાબતે આ બંને બાબતને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

(૪) યુનિવર્સિટીમાં હાલ કાર્યરત પીએચ.ડી.નાં તમામ વિદ્યાર્થીઓને દર છ માસે છ માસિક રિપોર્ટ માટે બોલાવવામાં આવે છે. આગામી સમયમાં આ બેઠકમાં બહારનાં એક વિષય નિષ્ણાંતશ્રીને બોલાવવા અંગે ચર્ચા કરવામાં આવી અને નકકી કરવામાં આવેલ કે આગામી છ માસિક રિપોર્ટની બેઠકમાં વિષય વાઈઝ વિષય નિષ્ણાંતશ્રીઓને બોલાવવા તેમજ આગામી સમયમાં આ કમિટિમાં માર્ગદર્શકશ્રી, ડીનશ્રી, વિષય નિષ્ણાંતશ્રી, પી.જી.અધ્યક્ષશ્રી, સંશોધન અધિકારીશ્રી રહેશે તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું તેમજ ગુણવત્તાયુકત સંશોધન કાર્ય થાય તેમ નકકી કરવામાં આવ્યું.

વિશેષમાં સમિતિનાં સભ્યશ્રીએ સૂચન કરેલ છે કે જે વિદ્યાર્થીઓ છ માસિક રિપોર્ટમાં બે કે તેથી વધુ વખત હાજર રહેલા નથી તેઓને રૂબરૂ બોલાવી તેમને સાંભળવા અને તેઓ કેમ હાજર રહી શકેલ નથી તે અંગેનાં રિપોર્ટ મેળવી આગળની બેઠકમાં હાજર રહે તેમ જણાવવું.

(૫) છ માસિક પ્રોગ્રેસ રિપોર્ટ માટેનું ફોર્મેટ તૈયાર કરવા માટે અન્ય યુનિવર્સિટીનાં ફોર્મેટ મંગાવી અત્રેની યુનિવર્સિટીનું ફોર્મેટ તૈયાર કરવું તેમ નકકી કરવામાં આવ્યું.

(૬) અત્રેની યુનિવર્સિટીમાં પીએચ.ડી.સંશોધન કાર્ય કરતા શોધછાત્ર રામકુમારીનાં માર્ગદર્શક તરીકે પ્રો.અર્ચનાબેન દુબે હતા. તેઓ અન્ય યુનિવર્સિટીમાં જતાં તેઓનાં માર્ગદર્શનમાં કાર્યરત વિદ્યાર્થીઓને અન્ય માર્ગદર્શક ફાળવવામાં આવેલ હતા. પરંતુ એક વિદ્યાર્થી બાકી રહેલ અને સાહિત્યનાં તમામ માર્ગદર્શકશ્રીઓ પાસે જગ્યા પૂર્ણ થઈ જતાં અને શોધછાત્ર રામકુમારીને પોતાનો થીસીસ જમા કરાવવાનો સમય થતાં ખાસ કિસ્સામાં વિશેષ સંજોગોમાં સાહિત્યનાં માર્ગદર્શકશ્રી ડો.લલિતકુમાર પટેલને રામકુમારીનાં માર્ગદર્શક તરીકે ફાળવવામાં આવેલ હતા તે બાબતને બેઠકમાં માન્ય રાખી સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી.

(૭) વેદ વિષયનાં ડો.પાણિગ્રાહી તથા વ્યાકરણ વિષયનાં ડો.કતિરા અન્ય જગ્યાએ જતા રહેલા હોય તેઓ પાસેથી એક અરજી લેવી જેમાં જો કોઈ વિદ્યાર્થી મે–જૂનમાં સિનોપ્સીસ જમા કરવા માંગતા હોય તો તેઓને તેમનાં માર્ગદર્શનમાં સિનોપ્સીસ જમા કરવાની મંજૂરી આપી તેમનાં માર્ગદર્શનમાં કાર્ય પૂર્ણ કરવાની મંજૂરી આપવી. પરંતુ જો સમય લાગે તેમ હોય તો બાકીનાં શોધછાત્રોને અન્ય માર્ગદર્શકશ્રી ફાળવવા તેમ નકકી કરવામાં આવ્યું. જો આ વિષયનાં માર્ગદર્શકશ્રી પાસે હાલ જગ્યા ન હોય તો નવા માર્ગદર્શકશ્રીને જયારે માન્યતા મળે ત્યારે આ શોધછાત્રોને તે નવા માર્ગદર્શકશ્રીનાં માર્ગદર્શનમાં સંશોધન કાર્ય કરવાની મંજૂરી આપવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

(૮) મહાનુભાવોનાં સૂચનમાં રાજય સરકારશ્રીએ જે પીએચ.ડી.ફેસીલીએશન ગ્રાન્ટ ફાળવેલ છે તેમાંથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩માં મેન્યુસ્ક્રિપ્ટોલોજી વિષય પર એક કાર્યશાળા કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

ઉપરોકત બેઠકમાં લેવાયેલ નિર્ણય અને કરવામાં આવેલ ભલામણને આગામી એ.સી./ઈ.સી.ની બેઠકમાં બહાલી અર્થે રજૂ કરી લેવાયેલ નિર્ણયને અમલમાં મૂકવા તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

બેઠકનાં અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યકત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

**RESEARCH OFFICER**
**Shree Somnath Sanskrit University**
**Veraval, Gujarat (India)**